**પૂર્વછાયો**- અનંત લીળા અનંત ચરિત્ર, અનંત સામર્થ્ય સોઈ ।
અનંત પ્રતાપ અનંત પરચા, કવિજન ન લખે કોઈ ॥૧॥
અપાર માહાત્મ્ય અપાર મહિમા, મોટપ્ય અપરમપાર ।
અપાર ગંભીર અપાર ગરવા, કવિ કોણ કરે નિરધાર ॥૨॥
પંખી જેમ પાંખ બળે, ઉડે પાર લેવા આકાશ ।
સરું તે નાવે શૂન્યનું, નિશ્ચે પામે તન નાશ ॥૩॥
એમ ચરિત્ર મહારાજનાં, છે જો અનંત અપાર ।
કેતાં કેતાં કહેવાય નહિ, એમ નિશ્ચય છે નિરધાર ॥૪॥
નર જે ઉત્તર પંથનો, ઈચ્છે આ તને લેવા અંત ।
પહોંચ્યાની પ્રતિત કરવી, એજ ભોળાઈ અત્યંત ॥૫॥
ઉડુગણ કણ ભૂમિતણા, જળકણ જાણે જન ।
વનપાત ગાતરોમાવળી, ગણે અન્નકણ ખડધન ॥૬॥
એહ સર્વે અપારનો પાર, લિયે કવિજન કોઈ ।
હરિચરિત્રનો પાર હજારૂં, સરું ન લિયે સોઈ ॥૭॥
જેનું વર્ણન કરતાં વાણી થાકે, મનન કરતાં મન ।
ચિંતવન કરતાં ચિત્ત થાકે, એમ નિશ્ચે જાણજ્યો જન ॥૮॥

**ચોપાઇ**- ધરી હરિકૃષ્ણ અવતાર, કરે લીળા અનંત અપાર ।
ઉઠે બેસે બોલે જુવે જમે, હાલે ચાલે હરિ હસે રમે ॥૯॥
સુવે જાગે માગે કાંઈ જેહ, આવે જાય ઉભા રહે તેહ ।
ચાલે ચટકે લટકે ચાલ, કરે કરનાં લટકાં લાલ ॥૧૦॥
કહે સાંભળે ને લિયે દિયે, કેમ લખાય જે પાય પીયે ।
પૂજે પૂજાવે પીરસે હાથે, અતિ હેત કરે જન માથે ॥૧૧॥
પહેરે પહેરાવે વસ્ત્ર ઘરેણાં, સર્વે ચરિત્ર છે સુખદેણાં ।
ત્યાગે તગાવે વઢે વખાણે, માને મનાવે જણાવે જાણે ॥૧૨॥
કરે દાતણ ને મુખ ધુવે, વસ્ત્ર લાસે ઝીણે મુખ લુવે ।
ચોળે તનમાં તેલ ફુલેલ, નાય ઉને નીરે અલબેલ ॥૧૩॥

જેજે ક્રિયા છે કૃપા સિંધુની, લખવા જેવી જે દીનબંધુની ।
ધિરા ઉતાવળા પાવ ધરે, ચાલે ચાલ્ય લાલ મન હરે ॥૧૪॥
ખીજે રીજે રાજી રહે રાખે, કાંઈક ભૂત ભવિષ્યનું ભાખે ।
ડરે ડરાવે દેખાડે બીક, રાખે રખાવે ઠેરાવે ઠીક ॥૧૫॥
બુધ્ધિપાર રે વિચાર કરે, ધરે ધ્યાન જ્ઞાન અનુસરે ।
ગાયે ગવરાવે ત્રોડે તાન, સુણે સુણાવે સમજાવે સાન ॥૧૬॥
જેજે લીળા કરે ભગવાન, તેતે લખવા જેવી નિદાન ।
સદા સાંભળવી વળી કહેવી, સર્વે ધાર્યા વિચારવા જેવી ॥૧૭॥
ધોતી પોતી પીતાંબર શાલ, જામો જરી સોય સુરવાલ ।
પાઘ કસુંબિ સોનેરી કોરે, ધર્યું છોગલિયું ચિત્ત ચોરે ॥૧૮॥
વેઢ વિંટી કર કડાં કાજુ, શોભે પોંચિ અંગુઠી ને બાજુ ।
હીરાસાંકળી હૂલર હાર, શોભે અંગોઅંગ શણગાર ॥૧૯॥
કાને કુંડળ કલંગી તોરો, માથે મુગટ કંઠે સોનાદોરો ।
સોનાસાંકળાં ઉતરી ઓપી, મોતીમાળા કંઠમાં આરોપી ॥૨૦॥
ચચ્યાં ચંદન કેશર સુગંધ, તોરા ગજરા ને બાજુબંધ ।
હૈયે હાર અપાર ફુલના, પહેર્યા મહારાજે મોંઘા મુલના ॥૨૧॥
બેઠા ડોળે હિંડોળે દયાળ, કરે પૂજા આરતી મરાળ ।
જેજે લીળા કરી અવિનાશ, તેતે લખવા જેવી છે દાસ ॥૨૨॥
કેસુ કેશર કસુંબી રંગ, પ્રીત્યે રીત્યે કઢાવ્યો પતંગ ।
રંગ સોરંગ ગેરા ગુલાલ, ભરે ઝોળી રંગે ટોળી લાલ ॥૨૩॥
અલબેલ ખેલ અતિ કરે, માંહોમાંહિ અંગ રંગ ભરે ।
જોઈ જન તન ભાન ટળે, થાય સમાધિ અંતરે વળે ॥૨૪॥
વળી દેખાય દેશ પ્રદેશ, પ્રેમીજનનાં હેત હમેશ ।
એવી લીળા અનંત અપાર, કહો કેમ આવે કહેતાં પાર ॥૨૫॥
ગજ બાજ રથ વેલ્ય જેહ, મેના સુખપાલ પાલખી તેહ ।
જેજે વાહને બેસે વાલ્યમ, તેતે વિસારવા જેવા કેમ ॥૨૬॥
ખાટ પાટ પલંગ ખુરશી, જીયાં બેઠા શ્રીહરિ હુલશી ।

ખેલ લૌકિક અલૌકિક કરે, નાવે પાર લખ્યે તેનો સરે ॥૨૭॥
કોટિ બ્રહ્માંડ રહે જેને રોમ, કવિ કોટિ રવિ શશિ સોમ ।
તેતો ધરી નરતન નાથ, રમે ગોવિંદ સખાને સાથ ॥૨૮॥
જેનાં દર્શન દુર્લભ સહુને, આપે દર્શન તે જન બહુને ।
અધો ઉર્ધ્વ વિબુધ વિમાન, જુવે દેવાંગના ભગવાન ॥૨૯॥
શ્વેતદ્વીપ વૈકુંઠ ગોલોકે, આવી મુકત મંડળ વિલોકે ।
નિર્ખિ નિરન્ન જાય નિજધામ, પામી પરમ સુખ વિશ્રામ ॥૩૦॥
એમ અલબેલો સુખ દિયે, નર નિર્જર નિરન્ન લિયે ।
લોકે પરલોકે આનંદ આલે, તેતો લખ્યા વિના કેમ ચાલે ॥૩૧॥
કરે લીળા અવનિ ઉપર, ધન્ય ધ્યાન કર્યા જેવી ધર ।
ધન્ય રમ્યા ભમ્યા જીયાં રિહ્યા, સ્પર્શિ રજ મળે કહો કિયાં ॥૩૨॥
ધન્ય આંબા આંબલીની છાય, બેઠા જ્યાં હરિ કરી સભાય ।
ધન્ય ગિરિગહ્વર વાટી વન, જીયાં જીયાં ભમ્યા ભગવન ॥૩૩॥
ધન્ય નદી તાલ વાપી કૂપ, જીયાં નાહ્યા શ્યામ સુખરૂપ ।
તીર્થ ક્ષેત્ર પવિત્ર જે ધામ, ધન્ય ફર્યા જ્યાં સુંદરશ્યામ ॥૩૪॥
ખંડ દેશ શહેર ગામ ઘોષ, ફરી હરિ કર્યા તે અદોષ ।
મેડી મોલ અગાશી આવાસ, જીયાં કર્યો વાલ્યમજીયે વાસ ॥૩૫॥
બહુ બંગલા હવેલી હોજ, જીયાં રહ્યા હરિ કરી મોજ ।
જ્યાં જ્યાં વાસ કર્યો મારે વાલે, તેતો લખ્યા વિના કેમ ચાલે ॥૩૬॥
મળ્યા યોગી ભોગી જે ભૂપાળ, કોઈ જટી મુંડી કંઠમાળ ।
પીર ફકીર જંગમ જેહ, ભટ પંડિત પુરાણી તેહ ॥૩૭॥
જ્યાં જ્યાં મળી કરી ચરચાય, જીતી વાદી લગાડીયા પાય ।
શૈવી શક્તિ વૈષ્ણવી વેદાંતિ, તેને અંતરે થઈ અશાંતિ ॥૩૮॥
બહુ જીવ હતા જે બેહાલ, મળી નાથને કર્યા નિહાલ ।
દઈ દરશ સ્પરશ આપ, ટાળ્યા પાપીના પાપ સંતાપ ॥૩૯॥
કઈક યજ્ઞ જનોઈનાં કાજ, સદાવ્રત જમે મુનિરાજ ।
વિવા વાજન ને ખર્ચજાન, જીયાં ગયા થયા મજમાન ॥૪૦॥

કર્યા સારા ઉત્સવ સમૈયા, તેતો કેમ જાય લખ્યા કહીયા ।
દેશ પ્રદેશે પરચા દીધા, બહુ જીવ સનમુખ કીધા ॥૪૧॥
સર્વે સંભારી લખી જો લૈયે, બ્રહ્મા શત સરીખા જો હૈયે ।
નહિ રસના શેષના સમ, ગિરા શારદા સમ નહિ ગમ ॥૪૨॥
લખ્યે લંબોદર કર નથી, સુણે પૃથુસમ કાન ક્યાંથી ।
નથી આયુષ લોમશતણી, નથી બુધ્ધિ તે વિધિથી ઘણી ॥૪૩॥
નથી કવિ વાલ્મીક વ્યાસ, કરે સર્વે ગુણનો પ્રકાશ ।
એવા એવા સમર્થ અપાર, બુધ્ધિસાગર બહુ વિચાર ॥૪૪॥
તેહતણી પણ સુણી વાણી, સહુ રહ્યા છે અગમ જાણી ।
ક્રિયાં એહ ને આપણે જાણો, ખગ ભાનુ ખદ્યોત પ્રમાણો ॥૪૫॥
અલ્પ આયુષ ને અલ્પ બુધ્ધિ, અલ્પ સામર્થ્ય ન લહિ શુધ્ધિ ।
કહ્યું કાલાવાલા કરી કાંઈ, હશે સમું વસમું તે માંઈ ॥૪૬॥
આગે કહેવા રહી અભિલાષ, હુવાં ક્ષીણ આ નેણ પ્રકાશ ।
હતી હૈયામાંહિ ઘણી હામ, લખવા ચરિત્ર સુંદર શ્યામ ॥૪૭॥
પણ જીયાં લગી પ્રાણ રહેશે, જીભા સ્વામી સહજાનંદ કહેશે ।
તેહ વિના કહે બીજું કેમ, પડી આંટી અંતરમાં એમ ॥૪૮॥
કાન નહિ સુણે બીજો ઉચ્ચાર, નેત્ર નહિ જુવે બીજો આકાર ।
ત્વચા નહિ કરે ભેટ્ય બીજાની, નાસા નહિ લિયે સુગંધ નાની ॥૪૯॥
મન નહિ કરે મનન અન્ય, બુધ્ધિ નહિ કરે નિશ્ચે હરિ વિન્ય ।
ચિત્ત ન ચિંતવે બીજી વાત, અહંકાર હું હરિનો સાક્ષાત ॥૫૦॥
શિશ નહિ નમે અન્ય પાય, રુદે બીજું ધ્યાન નહિ ધરાય ।
કર નહિ જુતે અન્યને આગે, બીજે પંથે નહિ ચલાય પાગે ॥૫૧॥
માટે જ્યાં લગી રહે તન શ્વાસ, તજું નહિ ત્યાંલગી એ અધ્યાસ ।
હરિગુણ ગાતાં છૂટે તન, તેમાં મગન છે મારું મન ॥૫૨॥
ધન્ય શ્રવણ રીઝ્યા હરિ જશે, ધન્ય ત્વચા પ્રભુ પદ સ્પર્શે ।
ધન્ય નેણ જુવે હરિમૂર્તિ, ધન્ય જીભા કહે હરિ કીર્તિ ॥૫૩॥
ધન્ય ધન્ય એ સર્વે સમાજ, જેણે કરી રીઝે મહારાજ ।

એ છે વાત અલેખામાં અતિ, ન પડે પ્રાકૃત જીવને ગતિ ॥૫૪॥
મન વાણી ને અગમ જેહ, પૂરણ પુરુષોત્તમ તેહ ।
તેતો ધરી મનુષ્યનું તન, જન હેતે ફરે છે જીવન ॥૫૫॥
તેનાં લીળાચરિત્રને ગાતાં, થાય નિર્મળ જળ જશ નાતાં ।
માટે નામ ચરિત્ર સામર્થ, કહેશું નહિ ખોયે જનમ વ્યર્થ ॥૫૬॥
નિજધર્મે વર્તે જન જેહ, કહેશું સર્વે સંભારીને તેહ ।
અતિ પવિત્ર ચરિત્ર ગાતાં, નથી મુજથકી તે મૂકાતાં ॥૫૭॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે પુરુષોત્તમનો
મહિમા કથન નામે એકસોને બીજું પ્રકરણમ્ ॥૧૦૨॥